# હેલ્થ સીક્યોરિટી સેગમેન્ટમાં વિસ્તરણ સાથે ગોદરેજ સીક્યોરિટી સોલ્યુસન્સનો રૂ. ૫૦ કરોડથી રૂ. ૭૦ કરોડની આવકનો લક્ષ્યાંક

અમદાવાદ,તા.૧૧

સીક્યોરિટી સિસ્ટમ્સમાં ભવિષ્યની ટેકનોલોજીમાં અગ્રણી કંપની ગોદરેજ સીક્યોરિટી સોલ્યુશન્સ (જીએસએસ)એ ઉત્પાદનોની કોવિડ ડિફેન્સ સીક્યોરિટી રેન્જ સાથે હેલ્થ સીક્યોરિટીમાં પ્રવેશની જાહેરાત કરી હતી. ગોદરેજ આપણા સમુદાયો અને લોકોની સેવા કરવા ઊંડી પ્રતિબદ્ધતા ધરાવે છે. હાલની બદલાતી જરૂરિયાતોને પૂર્ણ કરવા તથા ઓઇલ અને ગેસ, બીએફએસઆઈ, સંરક્ષણ, પોલીસ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, એરપોર્ટ્સ, સીપોર્ટ્સ, હોસ્પિટલો વગેરે જેવા ઉદ્યોગોમાં જરૂરિયાતો પૂર્ણ કરવા અમારા પ્રયાસના ભાગરૂપે આ ઉત્પાદનો ડિઝાઇન કરવામાં આવ્યાં છે અને લોંચ કરવામાં આવ્યાં છે. વિજિ-ગાર્ડ ટર્નસ્ટાઇલ સેનિટાઇઝર ડિસ્પેન્સરઅને ડ્યુઅલસેન્સરથર્મલકેમેરા છે, જે શરીરના તાપમાનમાં વધારાની ચકાસણી કરે છે. એનાથી ભારતમાં આરોગ્ય સાથે સંબંધિત સુરક્ષા સુનિશ્ચિત કરવામાં મદદ મળશે. ભવિષ્યના ઉદ્યોગો તેમના સીક્યોરિટી સોલ્યુશન્સને વધારશે, કારણ કે ગ્રાહકોના સ્વાસ્થ્યની સંપૂર્ણ સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા બનશે. ભવિષ્યના ઉદ્યોગો અને કાર્યસ્થળોએ શારીરિક અને સ્વાસ્થ્યલક્ષી સુરક્ષા સુનિશ્ચિત કરવામાં ઓછામાં ઓછો માનવીય હસ્તક્ષેપ સુનિશ્ચિત કરવો પડશે. કન્સ્ટ્રક્શનમાં ઇનોવેશન સાથે વિજિ-ગાર્ડની ટર્નસ્ટાઇલ્સની રેન્જ કોઈ પણ સંકુલમાં પ્રવેશ પર સેનિટાઇઝર ડિસ્પેન્સર તરીકે કામ પૂરું પાડશે. આ પ્રોડક્ટ એમએચએ (કેન્દ્રીય ગૃહ મંત્રાલય)ની સોશિયલ ડિસ્ટન્સિંગની સૂચનાઓનું પાલન કરવા માટે ડિઝાઇન કરેલી છે, જે "ટચ ફ્રી મિકેનિઝમ" સુનિશ્ચિત કરશે. આ પ્રોડક્ટ સુરક્ષિત પ્રવેશને સુનિશ્ચિત કરશે તથા પોતાના હાથ ડિસઇન્ફેક્ટ કર્યા વિના કોઈ પણ વ્યક્તિ પ્રવેશને નિયંત્રિત કરશે. એટલું જ નહી આ હાલના ગોદરેજ ટર્નસ્ટાઇલ્સ અને ફ્લેપ બેરિયરમાં ફરી ફિટ થઈ શકશે. શ્રેષ્ઠ સલામતી સુનિશ્ચિત કરવા માટે આનો ઉપયોગ ટેમ્પરેચર સેન્સિંગ સાથે ગોદરેજની ફેશિયલ રેકગ્નિશન સિસ્ટમ માટે પણ થઈ શકે છે.